ગ્રામ્ય વિસ્તારની બીન સરકારી માધ્યમિક શાળાના
શિક્ષકોને આપેલા ત્રણ અગ્રીમ ઇજાફાઓ.

---

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
પારપત્ર નં. એસએસએન. ૩૪૭૭-૩૯૬૮-ગ,
સચિવાલય, ગાંધીનગર,
તા. ૧-૭-૭૮

વંચાણમાં લીધા:- ૧.ગ્રાન્ટ-ઇન-એઇડ કોડની અનુસૂચિ 'ક'
૨. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જી. પંચમહાલ, ગોધરાની તા. ૨૪-૧-૭૭ની પત્ર ક્રમાંક:મ-૨-(પગાર) ૧૯૨૪-૨૫.
૩. સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદનો બ.સ.પત્રાંક-૧૮-મબશ-અગ્રીમ ઇજાફા-પંચમહાલ-ગ /૧૬૮૫૦.

પ રિ પ ત્ર:-

---

તા. ૧-૪-૧૯૬૪ થી અમલમાં આવેલ ગ્રાન્ટ-ઇન-એઇડ કોડની અનુસૂચિ 'ક' હેઠળ જણાવેલ ગ્રાન્ટ માટે સ્વીકાર્ય અને અસ્વીકાર્ય ખર્ચની બાબતોની યાદીમાં ક્રમાંક: ૧(૫) (ક) મુજબ ધોરણસરના દર કરતાં વધુ વેતન ગ્રાન્ટ માટે સ્વીકાર્ય ગણ્યું ન હોવા છતાં સદરહુ યાદીમાં ક્રમાંક. ૧(૫)(ક)માં આગળ જણાવ્યું છે કે ગ્રામ્ય વિસ્તારોમાં જો જે તે ઠરાવેલા પગાર ધોરણોમાં શરુઆતમાં ત્રણ અગ્રીમ ઇજાફા આવ્યા હોય તો તેના ખર્ચ(એટલે કે ધોરણસરના દર પ્રમાણે મળતા વેતન કરતાં આવા ત્રણ અગ્રીમ ઇજાફાથી અગાઉથી આપવાના થતા વધારાનો ખર્ચ)ગ્રાન્ટના હેતુ માટે સ્વીકાર્ય ગણી શકાશે. હવે સરકારના ધ્યાન ઉપર એવી બાબત આવી છે કે ગ્રામ્ય વિસ્તારની કેટલીક બીન સરકારી માધ્યમિક શાળાના શિક્ષકોને અપાયેલ ત્રણ કે તેથી ઓછા અગ્રીમ ઇજાફાઓનું ખર્ચ સરેલા પગાર ધોરણ પ્રમાણે પગાર નક્કી કરતી વખતે અસ્વીકાર્ય ગણી તે ખર્ચ પેટે ચુકવાયેલ ગ્રાન્ટની રકમ શાળા પાસેથી વસુલ કરવાની કાર્યવાહી શરુ થઇ છે અને તેને પરિણામે જે તે શાળાએ તેવી રકમ સંબંધકર્તા શિક્ષકો પાસેથી વસુલ લેવા વિચાર્યું છે.

સરકાર તરફથી જે તે જગ્યા માટે નક્કી થતા પગાર ધોરણો પૈકી કેટલાક પગાર ધોરણોની વિગતમાં જ (એટલે કે તેના બંધારણમાં જ)જ્યારે અગ્રીમ ઇજાફાઓના ઉલ્લેખ થયો હોય ત્યારે સામાન્ય રીતે જે જગા માટે ઠરાવેલી ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાતો ઉપરાંત જો તે જગા ઉપર અદા કરવાની ફરજો સાથે સંબંધિત તેવી ઉચ્ચ કક્ષાની વિશેષ કે વિશિષ્ઠ પ્રકારની શૈક્ષણિક (એકેડેમીક કે પ્રોફેશનલ) લાયકાત ધરાવના

ઉમેદવારને અગ્રીમ ઇજાફા આપીને તે જગાએ ભરતી થવા આકર્ષવાનો હેતુ રાખવામાં આવ્યો છે. તેમ ગણાય. અને તેથી વિશિષ્ટ કે વિશેષ શૈક્ષણિક લાયકાતો ધરાવતા ઉમેદવારના કિસ્સામાં અગ્રીમ ઇજાફાઓનો લાભ નોકરીની શરુઆતના પ્રથમ વર્ષથી જ આપવાની ફરજ કે તે મેળવવાનો હકક બની રહે છે. આ દ્રષ્ટિથી ઉપરોકત અનુસૂચિ 'ક' હેઠળની ખર્ચની બાબત નં. ૧(પ)(ક)ની જોગવાઇને ખર્ચની બાબત નં. ૧(૨) તથા ગ્રાન્ટ-ઇન-એઇડ-કોડના પરિશિષ્ઠ ૧૬ માં આપેલ પગાર ધોરણોની વિગતો સાથે વંચાણે લેતાં જણાશે કે બાબત નં. ૧(પ) (ક)માં ઉલ્લેખાયેલા ''ત્રણ અગ્રીમ ઇજાફા''ની વાત''નિયત પગાર ધોરણ સાથે જ સાંકળેલ અગ્રીમ ઇજાફા''ની બાબત કરતાં બીજા પ્રકારની છે, કારણ કે (૧) પગાર ધોરણ સાથે સંકળાયેલ અગ્રીમ ઇજાફા પ્રમાણેનું ખર્ચ આમેય આપોઆપ સ્વીકાર્ય ઠરે જ તે નિઃશંક છે અને (૨) ભુતકાળમાં એટલે કે જુના મુંબઇ રાજયના વખતમાં તથા ગુજરાત રાજયની સ્થાપના પછી અમુક સમ સુધી ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં શિક્ષકોની જગાએ ફરજ બજાવવા માટે જરુરી લાયકાતવાળા કે તેના કરતાં વિશેષ કે વિશિષ્ટ લાયકાતો ધરાવતા ઉમેદવારો ભરતી થવા માટે ઇચ્છા કે તૈયારી દર્શાવતા ન હોવાથી તેવી જગા ઉપર તેઓ ભરતી થવા આકર્ષાય માટે અગ્રીમ ઇજાફાનો લાભ આપવાની શાળા સંચાલક મંડળોને છુટ આપવામાં આવી હતી.

ઉપરોકત અનુસૂચિ 'ક'ની બાબત ૧(પ)(ક)માં (" at the initial stage in rural areas") "ગ્રામ્ય વિસ્તારમાં શરુઆતમાં આગળથી ત્રણ ઇજાફા'' શબ્દો વ્યકિતને સ્પર્શે છે. પગાર ધોરણને નહિ.

સામાન્ય રીતે અગ્રીમ ઇજાફા હંમેશાં પગાર ધોરણના લઘુતમ તબકકે એટલે નોકરીની પ્રથમ શરુઆતમાં જ આપવાના હોય. પરંતુ ઉપર સ્પષ્ટતા કરી છે તેમ ગ્રાન્ટ-ઇન-એઇડ- કોડની આ અંગેની જોગવાઇ પગાર ધોરણ સાથે સંકળાયેલ અગ્રીમ ઇજાફાની બાબત કરતાં જુદા જ પ્રકારની બાબત હોવાથી અને તા. ૧-૪-૬૪ થી અમલમાં મુકાયેલ ગ્રાન્ટ-ઇન-એઇડ કોડની આવી જોગવાઇ વિશે ગ્રામ્ય વિસ્તારની સંસ્થાઓને મોડેથી ખબર પડતાં ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં જોડાયેલા શિક્ષકોને તેમણે અકાદ બે વર્ષની કે વધારે વર્ષની નોકરી મુકયા પછી પણ અગ્રીમ ઇજાફાઓ આપ્યા હોય તો પણ બે કે ત્રણ અગ્રીમ ઇજાફાઓ પ્રમાણે પગાર મળવાનું શરુ થયા તારીખથી પછીના બે કે ત્રણ વર્ષે જ તે કર્મચારીનો જે એકીક પગાર થવાનો હતો તે તેને આગળથી જ આપી દેવાય છે. અને એ બે કે ત્રણ ઇજાફા સાથે નિસ્બત ધરાવતા બે કે ત્રણ વર્ષની નોકરી

ત્રણ વર્ષ સુધી

દરમ્યાન ત્રીજો કે ચોથો ઇજાફો છુટો થતો નથી તેથી તેના બેઝીક પગારમાં X કોઇ ઉમેરો કરી આપવાનો થતો નથી. અને એમ બને કે ત્રણ વર્ષની નોકરી બાદ ત્રીજો કે ચોથો વાર્ષિક ઇજાફો છુટો થવા પાત્ર બને છે.

ઉપરોક્ત કિસ્સામાં જે તે કર્મચારીને અગ્રીમ ઇજાફા આપ્યા હોય કે ન આપ્યા હોય પણ તેની ત્રીજા કે ચોથા વર્ષની નોકરી પછી મળવાપાત્ર મુળ પગારમાં કોઇ ગેરકાયદેસરનો વધારો મળતો હોતો નથી.

સરેલા પગાર ધોરણ તા. ૧-૬-૬૭ થી અમલમાં આવેલ છે. જ્યારે ત્રણ અગ્રીમ ઇજાફાઓ સને ૧૯૬૩ થી ૧૯૬૭માં અપાયા છે. એટલે સરેલા પગાર ધોરણો પ્રમાણે શરુઆતનો પગાર નક્કી કરતી વખતે ત્રણ અગ્રીમ ઇજાફાઓનો લાભ ન મળ્યો હોય તો પણ જે તે કર્મચારી ૧૯૬૭ ની શરુઆતમાં કે તેની ઇજાફાની તારીખે ચાર વર્ષના ઇજાફા મેળવી ચુક્યો હોઇ તેની સર્વિસના સંબંધિત તબક્કે શરુઆતનો પગાર નક્કી થઇ શકે છે અને આ પ્રશ્ન પરત્વે પગારની કોઇ વસુલાત જ કરવાની રહેતી નથી.

ઉપરોક્ત સ્પષ્ટતાને લક્ષમાં રાખીને આ અંગેના તમામ કિસ્સાઓનો નિકાલ કરવાની ઘટતી કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવા અને આ સ્પષ્ટતા સંબંધકર્તા તમામ બિન સરકારી માધ્યમિક શાળાઓના ધ્યાન ઉપર લાવવા આથી જિલ્લા શિક્ષણાધિકારીઓને વિનંતી કરવામાં આવે છે.

૨. આ પરિપત્ર આ વિભાગની સરખા નંબરની ફાઇલ ઉપર નાણાં સલાહકારશ્રીએ તા. ૨૭-૬-૭૮ના રોજ આપેલ સંમતિ બાદ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. આર. રાણા
સેક્શન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

શિક્ષણ નિયામકશ્રી, ગુ. રા. અમદાવાદ,
તમામ જિલ્લા શિક્ષણાધિકારી,
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત અમદાવાદ/રાજકોટ,
પે એન્ડ એકાઉન્ટસ ઓફીસર, રેસીડેન્ટ ઓડીટ ઓફીસર અમદાવાદ/ગાંધીનગર,
X રજીસ્ટ્રારશ્રી, માધ્યમિક શિક્ષણ ટ્રીબ્યુનલ, સરકારી પોલીટેકનીક હોસ્ટેલ બિલ્ડીંગ અમદાવાદ-૧૫,
પ્રમુખશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષક સંઘ, મહામંડળ, ૧૦૮૬, ભાવાનપુરા, શાહપુર અમદાવાદ,
X પત્ર દ્વારા.

કો.